## ભૂતિયા ડિમોલિશનને કારણે નાસીરનગરના અસરગ્રસ્તો રાત્રે ખુલ્લામાં સુવા મજબૂર...






■ આ તસવીરો સુરતના વેડદરવાજાના નાસીરનગરની છે કે જ્યાં બિલ્ડરોના લાભાર્થે કરાયેલા ભૂતિયા ડિમોલિશનને પગલે અસરગ્રસ્તો પોતાના જ ઘરના કાટમાળની વચ્ચે ખુલ્લામાં રાત્રે સુવા માટે મજબૂર બન્યા છે. તેમને ક્યારે ન્યાય મળશે?? (તસવીર: હેમંત ડેરે)

## મોટા વરાછામાં જીવનથી કંટાળીને વૃદ્ધે ઝેર પી લીધું

સુરતઃ મોટા વરાછામાં જીવનથી કંટાળીને વૃદ્ધે ઝેર પીને આપઘાત કરી લીધો હતો. વૃદ્ધ ઘરની બહાર જઈને ઝેર પીધા બાદ ઘરે આવતાં ઊલટીઓ થવા લાગી હતી.

મળેલી માહિતી મુજબ મૂળ ભાવનગરના પાલીતાણાના રાણપરડા ગામના વતની હીરજીભાઈ જેરામભાઈ દિયોરા (ઉ.વ.71) હાલ મોટા વરાછા સુદામા ચોક પાસે આવેલા મુરલી હાઈટ્સમાં પુત્ર સાથે રહેતા હતા અને નિવૃત્ત જીવન જીવતા હતા. ગુરુવારે બપોરે હીરજીભાઈએ ઘરની બહાર ઝેર પી લીધું હતું અને તેઓ ઘરે આવ્યા હતા. દરમિયાન તેમણે અચાનક ઊલટીઓ થતાં પરિવારજનોને બનાવની જાણ થઈ હતી.

જેથી હીરજીભાઈને તાત્કાલિક સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ટૂંકી સારવાર બાદ તેમનું મોત થયું હતું.

# નાસીરનગરના અસરગ્રસ્તો માટે કોંગ્રેસના ધરણા, કાર્યવાહીની માંગ

**વિધાનસભામાં** વિપક્ષી નેતા તુષાર ચૌધરીની આગેવાનીમાં નાસીરનગરમાં જ ધરણા કરાયા




સુરત : નાસીરનગર ખાતે થયેલા વિવાદાસ્પદ ડિમોલિશન મામલે કોંગ્રેસ પક્ષ દ્વારા આજે વિશાળ વિરોધ પ્રદર્શન અને પ્રતીક ધરણા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાત વિધાનસભાના વિરોધ પક્ષના નેતા તુષાર ચૌધરી અને સુરત શહેર કોંગ્રેસ પ્રમુખ વિપુલ ઉધનાવાલાની આગેવાની હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં કોંગ્રેસના સંખ્યાબંધ હોદ્દેદારો, કાર્યકરો અને નાસીરનગરના સેંકડો પીડિત રહીશોએ ભાગ લીધો હતો. ધરણા દરમિયાન સંબોધન કરતા તુષાર ચૌધરીએ જણાવ્યું હતું કે કોઈપણ પ્રકારની પૂર્વ નોટિસ આપ્યા વગર જબરદસ્તીથી કરવામાં આવેલું ડિમોલિશન ગંભીર બાબત છે. તેમણે આ ઘટનાને સુરતના ઈતિહાસનું 'ભૂતિયા ડિમોલિશન' ગણાવતા કહ્યું હતું કે, આ કાર્યવાહી માટે જવાબદારી સ્વીકારવા પણ કોઈ તૈયાર નથી. ડિમોલિશન કોણે કર્યું? કયા આદેશથી થયું અને કઈ કાયદાકીય પ્રક્રિયા હેઠળ થયું તે અંગે હજુ સુધી સ્પષ્ટતા કરવામાં આવી નથી અને પીડિતોને પૂરતું વળતર કે વૈકલ્પિક વ્યવસ્થા પણ ઉપલબ્ધ કરાવવામાં આવી નથી. સમગ્ર મામલે કડક કાર્યવાહી કરવાની માંગ સાથે કોંગ્રેસે આગામી દિવસોમાં આંદોલન વધુ ઉગ્ર બનાવવાની ચેતવણી પણ આપી હતી.

## ભરકાદેવી આઇસક્રીમના દુકાનદારના જામીન નકારાયા

સુરતઃ દસ વર્ષની બાળકી સાથે છેડતીના આરોપમાં ધરપકડ કરાયેલા ભરકાદેવી આઈસક્રીમની દુકાનદારની જામીન અરજી કોર્ટે નામંજૂર કરી હતી. આરોપી પ્રભુલાલ ઉર્ફે મારવાડી સોહનલાલ માલી સામે દસ વર્ષની માસૂમ બાળા આરોપીની દુકાને પેપ્સી લેવા ગઈ ત્યારે આરોપીએ દુકાનની અંદર લઈ જઈ અશ્લીલ હરકતો અને શારીરિક અડપલાં કર્યાં હોવાનો આક્ષેપ છે. આ કેસમાં જામીન પર છૂટવા માટે આરોપીએ સેશન્સ કોર્ટમાં જામીન અરજી કરી હતી. ફરિયાદ પક્ષે સરકારી વકીલ દીપેશ દવેએ દલીલ કરી હતી કે આરોપી રાજસ્થાનનો છે. જામીનમુક્ત થશે તો ટ્રાયલ દરમિયાન હાજર રહેશે નહીં. જેથી જામીન ન આપવા વિનંતી કરી હતી.

# ભટારમાં ક્લિનિકમાં ઘૂસી યુવકે તબીબની છાતીમાં મુક્કા માર્યા

**દાદાગીરી** કરી પાણી માંગ્યુ પણ નહીં મળતા ક્લિનિકમાં તોડફોડ કરી

સુરતઃ ભટારના રૂપાલી નહેર પાસે આવેલા ક્લિનિકમાં ઘૂસીને એક યુવકે ક્લિનિકમાં તોડફોડ કરી તબીબ સાથે મારપીટ કરી હતી, એટલું જ નહીં બહાર હાજર વડાપાંઉના લારીવાળાને પણ નિશાન બનાવ્યો હતો. ઘટના અંગે ઉમરા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

નાનપુરા કદમપલ્લી રોડ પર સ્નેહમિલન ગાર્ડન પાસે રહેતા ડૉ. જય અરવિંદભાઈ ચૌહાણ ભટાર રૂપાલી નહેર નજીક મેટ્રો સ્ટેશન નીચે ફેમીલી કેર ક્લિનિક ચલાવે છે. ગઈકાલે બપોરે અઢી વાગ્યે તેમની ક્લિનિકમાં શાહીદ મુગની નામનો યુવક આવ્યો હતો અને તેણે દાદાગીરી કરી પાણીની માંગ્યું હતું. જો કે, કોઈ કારણોસર પાણી ન મળતાં તેણે ઉશ્કેરાઈને ગાળો બોલવાનું શરુ કર્યું હતું. એટલું જ નહીં તેણે ક્લિનિકમાં મૂકેલો ટેબલ ફેન, બી.પી. મશીન સહિતનો સામાન ફેંકીને અંદાજે રૂ. ૪,૫૦૦નું નુકસાન કર્યું હતું. બાદમાં તેણે ડૉ. જય ચૌહાણ પર હુમલો કરી છાતીના ભાગે મુક્કો મારી દીધો હતો.ક્લિનિકમાં ચાલી રહેલા આ હોબાળા અને બૂમાબૂમ સાંભળીને બહાર વડાપાંઉની લારી ચલાવતા પૂરનલાલ કિશોરીલાલ પ્રજાપતિ નામના યુવક ડૉક્ટરના બચાવમાં વચ્ચે પડ્યા હતા. પરંતુ માથાભારે શાહીદે તેને પણ ગાળો આપી તેની લારી પરના વાસણો રસ્તા પર ફેંકી દઈને આતંક મચાવ્યો હતો. આ ઘટનાને પગલે આસપાસના વેપારીઓ અને લોકો એકઠા થઈ ગયા હતા.

# કેસની તારીખ વકીલની હાજરીમાં જાહેર કરવા માંગ

**કોર્ટોમાં** સમયસર હાજર રહેવાનું મુશ્કેલ થતાં કેસને નુકસાન થાય છે

**જજ** રજા પર જાય તો ઓનલાઇન આગોતરી જાણકારી કરવા માટે પણ વિનંતી કરાઈ

સુરતઃ સુરત જિલ્લા બાર એસોસિએશન દ્વારા પ્રિન્સિપલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજને રજૂઆત કરી કેસોની સુનાવણીની તારીખો વકીલોની પ્રત્યક્ષ હાજરી દરમિયાન જ જાહેર કરવાની અથવા અગાઉથી સૂચના આપવાની માંગ કરી છે.

બારએ કરેલી આ રજૂઆતમાં જણાવાયું છે કે હાલમાં વિવિધ અદાલતોમાં કેસોની સુનાવણીના દિવસે જ આગામી તારીખો ઓનલાઈન બોર્ડ પર અપલોડ થતી હોવાથી વકીલોને અનેક વ્યાવસાયિક મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. સુરત કોર્ટ કેમ્પસમાં અનેક અદાલતો કાર્યરત છે અને એક જ દિવસે વકીલને અલગ-અલગ કોર્ટોમાં પાંચથી સાત કેસોમાં હાજર રહેવું પડતું હોય છે. સુનાવણીના દિવસે જ આગામી તારીખો જાહેર થવાના કારણે વકીલો માટે તમામ કોર્ટોમાં સમયસર હાજરી આપવી મુશ્કેલ બની જાય છે.

બાર એસોસિએશને વધુમાં જણાવ્યું છે કે પક્ષકારો ભારે ફી ચૂકવીને વકીલ રોકતા હોય છે, પરંતુ સમયના ટકરાવને કારણે વકીલ એકસાથે અનેક કોર્ટોમાં હાજર રહી શકતા નથી. રોજ સાંજે ઓનલાઈન તારીખો ચકાસવાની ફરજ પડતી હોવાથી વકીલો પર વધારાનો માનસિક તણાવ સર્જાય છે.

## મોટા વરાછામાં વૃદ્ધા બાથરૂમમાં લોક થઈ ગયાં

સુરતઃ મોટા વરાછા વિસ્તારમાં આવેલી અક્ષરધામ સોસાયટીમાં રહેતાં 50 વર્ષીય પુતળીબેન માંગુકિયા મોડી રાત્રે પોણા એક વાગ્યાના અરસામાં ઘરના બાથરૂમમાં ગયાં હતાં. બાદ બહાર નીકળવા જતા દરવાજો અચાનક લોક થઈ ગયો હતો. જેને કારણે તેઓ ગભરાઈ ગયા હતા. પરિવારના સભ્યો બાથરૂમ તરફ દોડી ગયા હતા અને દરવાજો ખોલવાના પ્રયત્નો કર્યા હતા. જો કે, તેમનાથી પણ દરવાજો ખૂલ્યો ન હતો. આખરે ઘટના અંગે ફાયર કંટ્રોલને જાણ કરવામાં આવી હતી. ત્યાર બાદ ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને રેક્સ્યુની કામગીરી શરૂ કરી હતી. ફાયર બ્રિગેડના જવાનોએ ગણતરીની મિનિટ્સમાં જ દરવાજો ખોલીને પુતળીબેન સુરક્ષિત બહાર કાઢ્યા હતા.

# શિક્ષકની વિધવાને ગ્રેજ્યુએટી ચૂકવવામાં સમિતિના અખાડા

**વિધવાએ** એકાઉટન્ટને લાંચમાં પકડાવી દીધો હોવાથી પરેશાન કરાતી હોવાની શક્યતા

સુરતઃ સુરત મહાનગરપાલિકા સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળા નં.200માં શિક્ષક તરીકે ફરજ બજાવતા સંજય ઈસાવેનું વર્ષ-2016માં કેન્સરની બીમારીના કારણે અવસાન થયું હતું.

સ્વર્ગીય પતિના હકની અંદાજે રૂ.2.50 લાખ જેટલી ગ્રેચ્યુઈટીની રકમ મેળવવા માટે વિધવાએ અવારનવાર લેખિત અને મૌખિક રજૂઆતો કરવા છતાં શિક્ષણ સમિતિના તંત્ર દ્વારા ધક્કા ખવડાવી અખાડા કરવામાં આવતા હતા. તંત્રની નાદારીથી ત્રાહિમામ પોકારીને મહિલાએ નાછૂટકે લેબર કમિશનર સમક્ષ કેસ દાખલ કર્યો હતો.

કેસની સુનાવણી દરમિયાન લેબર કમિશનર દ્વારા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિને વિધવા મહિલાને ગ્રેચ્યુઈટીની રકમ ચૂકવી દેવાનો સ્પષ્ટ આદેશ કરવામાં આવ્યો હતો, પરંતુ માનવતા દાખવવાને બદલે સમિતિના સત્તાધીશોએ આ આદેશ સામે અપીલ દાખલ કરી દેતાં વિધવા મહિલાને ન્યાય મેળવવા માટે હજી વધુ લાંબી કાનૂની લડત લડવી પડે તેવી અમાનવીય સ્થિતિ સર્જાઈ છે.

બીજી તરફ સમગ્ર વિવાદ અંગે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા એવી સ્પષ્ટતા કરવામાં આવી છે કે, સંબંધિત શિક્ષકની શાળામાં અનિયમિત હાજરીને પગલે તેઓને અગાઉ અનેક વખત નોટિસ આપ્યા બાદ અંતે ફરજ પરથી ટર્મિનેટ (બાતલ) કરવાનો નિર્ણય લેવાયો હતો. નિયમોનુસાર જે કર્મચારીને ફરજ પરથી ટર્મિનેટ કરવામાં આવ્યા હોય તેમના વારસદારોને કોઈપણ પ્રકારના સરકારી લાભ મળવાપાત્ર રહેતા ન હોવાને કારણે આ પરિસ્થિતિ ઊભી થઈ છે.

તેમ છતાં લેબર કોર્ટના નિર્ણયને પગલે તંત્ર દ્વારા આ ગ્રેચ્યુઈટીની રકમ હાલ સરકારી તિજોરીમાં જમા કરાવી દેવામાં આવી છે અને હવે અપીલમાં જે ચુકાદો આવશે તેને આધારે અંતિમ નિર્ણય લેવાશે. વિધવાએ એકાઉટન્ટને લાંચમાં પકડાવ્યો હોવાથી હેરાનગતિના આક્ષેપ છે.

## લાંચિયા હોમગાર્ડ અને નિવૃત ક્લાર્ક લાજપોર જેલમાં ધકેલાયા

સુરતઃભ્રષ્ટાચાર વિરોધી બ્યુરો (ACB) દ્વારા તાજેતરમાં ઝડપાયેલા લાંચિયા હોમગાર્ડ અને આવક કરતાં વધુ સંપત્તિ ધરાવતા જિલ્લા પંચાયતના નિવૃત્ત સિનિયર ક્લાર્કને આજે કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. કોર્ટે બંને આરોપીઓના રિમાન્ડ ના મંજૂર કરી તેમને જ્યુડિશિયલ કસ્ટડી હેઠળ લાજપોર જેલમાં મોકલી આપવાનો હુકમ કર્યો છે. વર્ષ ૨૦૧૯માં પાંડેસરા પોલીસ મથકમાં ફરજ બજાવતા અને હાલ ઉધના રેલવે સ્ટેશને કાર્યરત હોમગાર્ડ શિવાજી ઉર્ફે શીવા ગોરખ ઉગલેએ એક મહિલા બુટલેગરની ધરપકડ ન કરવાના અવેજ પેટે ૧૦ હજારની લાંચ માંગી હતી. બીજા કિસ્સામાં, વર્ષ ૨૦૨૩માં જિલ્લા પંચાયત કચેરીમાંથી સિનિયર ક્લાર્ક તરીકે નિવૃત્ત થયેલા દિલીપ નારણ પટેલ વિરૂદ્ધ અપ્રમાણસર મિલકત મળી આવી હતી.

# નશામાં કારનો પીછો કરી ટક્કર મારવાના કેસમાં જામીન નામંજૂર

**ગત** મે મહિનામાં રાત્રે અડાજણનો પરિવાર ભેસ્તાન પાસેથી કારમાં પસાર થતો હતો, ત્યારે આરોપીઓનું કારસ્તાન

સુરતઃ ભેસ્તાન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા દારૂના નશામાં વાહન હંકારવા અને અકસ્માત સર્જવાના કેસમાં સેશન્સ કોર્ટે આરોપી અક્રમ અઝીઝ શેખની જામીન અરજી ફગાવી દીધી હતી. મે મહિનામાં તા.૩૦ અને ૩૧ની મધ્ય રાત્રિ દરમિયાન ફરિયાદી પોતાની પત્ની અને નાની દીકરી સાથે કારમાં જઈ રહ્યા હતા. ત્યારે આરોપીઓ હ્યુન્ડાઈ વર્ના કારમાં દારૂના નશામાં સવાર હતા. આરોપીઓએ ફરિયાદીની કાર પાસે આવી અચાનક ટર્ન મારતાં ફરિયાદીએ જોઈને ચલાવવાનું કહેતાં વર્ના કારમાં સવાર આરોપીઓએ ફરિયાદીનો ફિલ્મી ઢબે પીછો કરી અને વારંવાર પાછળથી ટક્કર મારી હતી. જેના કારણે ફરિયાદીની કાર બીઆરટીએસ રેલિંગ સાથે અથડાઈ ગઈ હતી. અકસ્માતમાં કારને ભારે નુકસાન થયું હતું તેમજ ફરિયાદી અને તેમની પત્નીને ઈજા પહોંચી હતી.

આ ઘટના સંદર્ભે સિદ્દીક સલીમ ચકીવાલા (રહે.,ગાર્ડન સોસાયટી, અબરાર ટાવર નજીક, અડાજણ પાટિયા)એ ફરિયાદ નોંધાવી હતી. આ કેસમાં ધરપકડ કરાયેલા આરોપી અકરમ અઝીઝ શેખે સેશન્સ કોર્ટમાં જામીન અરજી રજૂ કરી હતી.

ફરિયાદ પક્ષે સરકારી વકીલ ભરતસિંહ ચાવડાએ દલીલ કરી હતી કે આરોપીઓએ દારૂના નશામાં જાહેર માર્ગ પર બેદરકારીભર્યું અને જોખમી વર્તન કર્યું હતું. તપાસ હજુ ચાલુ હોવાથી આરોપીને જામીન પર મુક્ત કરવામાં આવે તો પુરાવા સાથે ચેડાં અથવા સાક્ષીઓને પ્રભાવિત કરવાની શક્યતા રહેલી છે. જ્યારે બચાવ પક્ષે દલીલ કરી હતી કે અરજદાર વાહનનો ડ્રાઈવર નહોતો અને માત્ર પાછળની સીટ પર બેઠેલો હતો. બંને પક્ષની દલીલો સાંભળ્યા બાદ કોર્ટે પ્રાથમિક દ્દષ્ટિએ માન્યું હતું કે આરોપી સમગ્ર ઘટનાક્રમ દરમિયાન અન્ય સહઆરોપીઓ સાથે હાજર હતો અને સામૂહિક ઈરાદાથી ગુનો આચરવામાં તેની સક્રિય ભૂમિકા જણાય છે. ઉપરાંત જાહેર સુરક્ષા અને માનવજીવન પ્રત્યે બેદરકારી દર્શાવતી ઘટનાની ગંભીરતા અને તપાસની હાલની સ્થિતિને ધ્યાનમાં રાખી આરોપીની જામીન અરજી નામંજૂર કરી હતી.

# પોલીસે નમુના મોડા મોકલતાં પોક્સોમાં ત્રણ નિર્દોષ !

**ડીએનએ** માટે ૪૮ કલાકને બદલે 3 દિવસે નમુના મોકલા

**સેમ્પલ** કોની કસ્ટડીમાં હતાં તેની પણ સ્પષ્ટતા નથી

સુરતઃ સગીરાના પોક્સોનાં ગંભીર આરોપનો સામનો કરી રહેલા એક જ પરિવારના ત્રણ સભ્યોને પુરાવાના અભાવે અને શંકાનો લાભ આપી છોડી મૂકવાનો કોર્ટે હુકમ કર્યો હતો.

ગોડાદરા પોલીસ સ્ટેશને નોંધાયેલી ફરિયાદ મુજબ આરોપી દીપુકુમાર ઉર્ફે પ્રતીક ઉર્ફે ભોલા વિનોદ શાહ ફરિયાદીની ૧૬ વર્ષીય બહેનને ભગાડી જઈ તેની મરજી વિરુદ્ધ બળાત્કાર ગુજારી ગર્ભવતી બનાવી દીધી હતી. આ બનાવમાં આરોપી દીપુ કુમારનાં પિતા વિનોદ ગુરૂચરણ શાહ અને માતા વિમલાદેવીએ પણ મદદગારી કરી હતી. પોલીસે ત્રણેય વિરુદ્ધ પોક્સો એક્ટ સહિતની કલમો અન્વયે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી. આ કેસની ન્યાયિક કાર્યવાહી સ્પેશિયલ પોક્સો કોર્ટમાં ચાલી હતી. બચાવ પક્ષે એડવોકેટ ચેતન પાંડે, એમ આર પાંડે, પુલકિત શર્માએ દલીલ-રજુઆત કરી હતી કે કોર્ટના પ્રસ્થાપિત સિદ્ધાંત મુજબ મેડિકલ સેમ્પલ (DNA) ૪૮ કલાકની અંદર એફ.એસ.એલ. મોકલવા જોઈએ, જ્યારે આ કેસમાં સેમ્પલ ૩ દિવસ બાદ મોકલાયા હતા અને તે સમય દરમિયાન સેમ્પલ કોની કસ્ટડીમાં હતા તેની કોઈ સ્પષ્ટતા નથી, જેથી સેમ્પલ સાથે ચેડાં થવાની પૂરેપૂરી શક્યતા છે. બીજી તરફ ફરિયાદ પક્ષ ફરિયાદ પુરવાર કરવામાં નિષ્ફળ ગયાં હતાં. કોર્ટે ત્રણેય આરોપીને પુરાવાનાં અભાવે શંકાનો લાભ આપી છોડી મૂકવાનો હુકમ કર્યો હતો.

## સંક્ષિપ્ત સમાચાર

### AURO યુનિવર્સિટીએ સુરતના તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કર્યું




સુરતઃ AURO યુનિવર્સિટી, સુરતે તેના અર્થસ્પેસ કેમ્પસ ખાતે આયોજિત 'શ્રેષ્ઠા સન્માન સમારોહ 2026' દ્વારા શૈક્ષણિક શ્રેષ્ઠતાની ભવ્ય ઉજવણી કરી હતી. આ પ્રસંગે CBSE, GSEB તેમજ અન્ય માન્ય બોર્ડની ધોરણ-12ની પરીક્ષામાં 90 ટકા કે તેથી વધુ ગુણ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ વર્ષે 61થી વધુ શાળાઓના 210થી વધુ વિદ્યાર્થીઓનું 21 આચાર્યો અને શિક્ષણવિદોની ઉપસ્થિતિમાં સન્માન કરવામાં આવ્યું હતું. જે આ ક્ષેત્રમાં શૈક્ષણિક શ્રેષ્ઠતાની સૌથી વિશાળ અભિનંદન પાઠવતાં ભારતના ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રમાં વધી રહેલી તકો અંગે માર્ગદર્શન આપ્યું હતું.

### નાટ્યકર્મી કપિલદેવ શુક્લને સંગીત નાટક અકાદમીનો પુરસ્કાર



સુરતઃ વીત્યા છ દાયકાથી સુરતની રંગભુમિ પર સક્રિય રહી, અનેક નાટકોના. દિગ્દર્શન ઉપરાંત લેખન- અભિનય કરી રાજ્ય અને રાષ્ટ્રમાં ખ્યાતિ મેળવનાર કપિલદેવ શુક્લને વર્ષ ૨૦૨૫નાં સંગીત નાટક અકાદમી-દિલ્હીનાં પુરસ્કારની જાહેરાત થઇ છે. રાષ્ટ્રીય સંગીત નાટક અકાદમી દર વર્ષે સમગ્ર રાષ્ટ્રમાંથી નાટક, સંગીત, નૃત્યક્ષેત્રનાં કલાકારોમાંથી ઉત્તમ પ્રતિભાઓનું ચયન કરી પુરસ્કાર-ફેલોશીપથી સન્માને છે. એક લાખ રૂપિયા, તામ્રપત્ર અને અંગવસ્ત્ર વડે આ પુરસ્કાર પામનારને રાષ્ટ્રપતિના હસ્તે સન્માનવાની પરંપરા છે. કપિલદેવ શુક્લ 'અષાઢ કા એક દિન' 'પેરાલિસિસ', 'કાફલો', 'અનુરવ', 'પ્રિય પપ્પા હવે તો', 'તિરાડે ફૂટી કૂંપળ', 'આખરની આત્મકથા' સહિત ૬૦ જેટલા નાટકોનું દિગ્દર્શન કર્યું છે, અભિનય કર્યો છે અને રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય નાટ્યોત્સવમાં ય તેમના નાટકો ભજવાયા છે.

### તાપી કિનારે રામકથામાં કેવટ પ્રસંગે ભક્તિભાવનો માહોલ: ટ્રસ્ટને લાખોનું દાન



સુરતઃ જહાંગીરપુરા સ્થિત તાપી કિનારે સૂર્ય ઘાટ પર પ્રફુલભાઇ શુક્લની રામકથામાં ભક્તિમય દ્રશ્યો સર્જાયા હતા. કથા દરમિયાન કેવટના પ્રસંગનું આબેહૂબ જીવંત નિરૂપણ કમલેશભાઈ સેલર દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં કૃણાલ પટેલ અને અંકિતા પટેલ સીતારામ બન્યા હતા, તો બટુકભાઈ વિરાણીએ ગૃહ રાજાની ભૂમિકા ભજવી હતી. તાપી નદીમાં રામની હોડી વિહારનું દ્રશ્ય નિહાળી હજારો ભક્તો ભાવવિભોર થયા હતા. આ પુણ્ય પ્રસંગે અનેક દાતાઓ ઉદાર હાથે આગળ આવ્યા હતા. જેમાં પટેલ પ્રગતિ સમાજ મંડળ દ્વારા કુરુક્ષેત્ર સ્મશાન ભૂમિ જીર્ણોદ્ધાર ટ્રસ્ટને રૂ. ૧,૨૧,૦૦૦નું દાન આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત, સ્વ. પરિવારજનોની યાદમાં બિપીનભાઇ નાયકે રૂ. ૧,૧૧,૦૦૦, મનીષભાઇએ રૂ. ૫૧,૦૦૦ તથા વિજયભાઇ જીનવાલાએ રૂ. ૧૧,૦૦૦નું અર્પણ કર્યું હતું. સંસ્થાને મળતું આ દાન ઇન્કમટેક્ષ એક્ટની કલમ ૮૦-જી હેઠળ કરમુક્ત છે.

### AM/NS ઇન્ડિયા, BITS પિલાનીના પ્રથમ MBA બેચનું ગ્રેજ્યુએશન




સુરતઃ આર્સેલરમિત્તલ નિપ્પોન સ્ટીલ ઇન્ડિયા (AM/NS India) એ BITS પિલાની સાથેની વ્યૂહાત્મક ભાગીદારી હેઠળ મેન્યુફેક્ચરિંગ મેનેજમેન્ટના પ્રથમ MBA બેચના ગ્રેજ્યુએશનની ઉજવણી કરી વધુ એક મહત્વપૂર્ણ સિદ્ધિ હાંસલ કરી છે. હજીરા સ્થિત AM/NS Indiaના મુખ્ય પ્લાન્ટ ખાતે યોજાયેલા દીક્ષાંત સમારોહમાં સુરતના પોલીસ કમિશનર અનુપમ સિંઘ ગેહલોત મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. AM/NS Indiaના ડાયરેક્ટર અને વાઇસ પ્રેસિડેન્ટ-HR એન્ડ એડમિનિસ્ટ્રેશન આશુતોષ તેલંગે જણાવ્યું હતું કે સતત શિક્ષણ અને ક્ષમતા નિર્માણ કંપનીની વિકાસયાત્રાના કેન્દ્રમાં છે અને આ કાર્યક્રમ ભવિષ્યના નેતાઓ તૈયાર કરવામાં મહત્વપૂર્ણ સાબિત થશે. BITS પિલાનીના ડેપ્યુટી ડાયરેક્ટર, ઓફ-કેમ્પસ પ્રોગ્રામ્સ એન્ડ ઇન્ડસ્ટ્રી એન્ગેજમેન્ટ, પ્રોફેસર એસ. ગુરુનારાયણે જણાવ્યું હતું કે ઉદ્યોગ અને શિક્ષણ વચ્ચેની આ ભાગીદારી કાર્ય-સંકલિત શિક્ષણનું શ્રેષ્ઠ ઉદાહરણ છે.

### દુ:ખના દિવસોમાં રડવા કરતાં તેને ભોગવી લેવા પડશે: પદ્મદર્શનસૂરિજી



મુંબઈઃ મુલુંડ (વેસ્ટ) ઝવેર રોડ સ્થિત શ્રી વાસુપૂજ્ય સ્વામી શ્વે. મૂ. પૂ. જૈન સંઘમાં જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી મહારાજે ધર્મસભાને સંબોધતા કહ્યું હતું કે, ભાગ્યને પણ પલટવાની તાકાત ભગવાનની છે. જીવનમાં સુખ અને દુ:ખ તો અરઘટ્ટની જેમ ચાલ્યા કરતા હોય છે. કાયમ કાંઈ ટકી ન શકે તેનું નામ સંસાર. ક્યારેક તડકો તો ક્યારેક છાંયડો આ કુદરતી ક્રમ છે. જીવનમાં જેવા કર્મો કર્યા હશે તેને ભોગવ્યા વિના છૂટકો નથી. દુ:ખના દિવસોમાં રડવાથી કાંઈ નહીં વળે. આપણા દુ:ખને તો આપણે જ ભોગવવા પડશે. સુખના સમયમાં ભગવાન ભુલાઈ જાય છે અને દુ:ખના સમયમાં ભગવાન વધુ યાદ આવે છે. જીવનમાં ગ્રહોની પણ એક અસર હોય છે. અત્યારે વિશ્વનાં ગ્રહો બદલાયા છે એટલે વૈશ્વિક સ્તરે ભયંકર હાહાકાર સર્જાયો છે.

### આગામી તા.14મીના રોજ સુરત જિલ્લા પેન્શનર્સ એસો.ની સભા મળશે

સુરતઃ સુરત જિલ્લા પેન્શનર્સ એસોસિએશનના પ્રમુખ મનહરભાઈ લાપસીવાલાએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, આગામી તા. 14/ 6 /26 ના રવિવારે સવારે 9:30 કલાકે મોઢ વણિક સમાજની વાડી, રુંઘનાથપરા, બમનજીની શેરી, લાલદરવાજા, સુરત ખાતે એસો.ની સામાન્ય સભા મળશે. જેમાં 75 વર્ષથી વધુની ઉંમરના સભ્યોને મહેમાનોના હસ્તે સન્માન કરી સ્મૃતિભેટ અર્પણ કરવામાં આવશે.